ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# પર્યાવરણ જાળવવા સહી ઝુંબેશને પ્રચંડ પ્રતિસાદ

**વન વિસ્તારના ભોગે પંચામૃત ભવનના નિર્માણ સામે નગરજનોમાં તીવ્ર આક્રોશ : શેરી નાટકો, ચોકઠાં પરિષદો, લોક દરબાર અને ધરણાં જેવા જલદ કાર્યક્રમો યોજવાની તૈયારી : એક પર્યાવરણ પ્રેમીની આમરણાંત ઉપવાસ પર ઉતરવાની પણ ચીમકી**




(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧

પાટનગરમાં પર્યાવરણના ભોગે નિર્માણ પામનાર પંચામૃત ભવનના પ્રોજેકટ સામે શરૂ કરાયેલા સ્વયંભૂ લોક અભિયાનના બીજા તબક્કામાં તમામ કાર્યક્રમોને જબરદસ્ત સફળતા મળતાં અભિયાન વધુ અસરકારક બની રહ્યું છે. આંદોલનાત્મક કાર્યક્રમના ભાગરૂપે આજે સચિવાલય પીક અપ બસ સ્ટેન્ડ નજીક યોજાયેલ લોક હસ્તાક્ષર ઝુંબેશમાં નાગરિકો મોટી સંખ્યામાં હસ્તાક્ષરો કરીને પર્યાવરણના ભોગે પાટનગરમાં તૈયાર થનાર પંચામૃત ભવન સહિતની સઘળી યોજનાઓ સામે ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો.

વિધાનસભા પાછળના ભાગે રાજય સરકાર દ્વારા વન વિસ્તારના ભોગે પંચામૃત ભવનનું નિર્માણ કરવા માટે થઈ રહેલી હિલચાલ સામે જાગૃત નાગરિકો અને પર્યાવરણ પ્રેમીઓએ સંગઠિત થઈ પર્યાવરણ બચાવ અભિયાન આરંભ્યું છે. તબક્કાવાર બેઠકોમાં ચર્ચા વિચારણા બાદ આ મુદા સામે સામુહિક વિરોધ દર્શાવવા અને પંચામૃત ભવન નિર્માણના નામે થતાં પર્યાવરણના નુકસાનને રોકવાની ઉગ્ર માગણી સાથે સંબંધિત વિભાગોમાં આર.ટી.આઈ. હેઠળ જરૂરી વિગતો મેળવી આંદોલનાત્મક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં કેન્ડલ માર્ચ, વૃક્ષોને રક્ષાબંધન, પોસ્ટકાર્ડ લેખનમાં વ્યાપક લોક પ્રતિભાવ સાંપડતા અભિયાનને વેગ મળ્યો છે. આજે ચ માર્ગ નજીકના સચિવાલય પીકઅપ બસ સ્ટેન્ડ ખાતે વિશાળ હોર્ડીંગ્સ ગોઠવીને શરૂ કરાયેલ લોકહસ્તાક્ષર ઝુંબેશમાં કર્મચારીઓ નાગરિકોએ મોટી સંખ્યામાં સહી કરીને અભિયાનને પીઠબળ પુરું પાડયું હતું. આ ઝુંબેશ રોજે રોજ શહેરના મહત્વના જાહેર સ્થળો, સર્કલો, શોપીંગ સેન્ટરો ખાતે ચાલુ રખાશે તેવો નિર્ણય કરવામાં આવ્યો છે.

અભિયાનના ભાગરૂપે વડાપ્રધાન અને કેન્દ્રીય વન પર્યાવરણ વિભાગને સંબોધીને શરુ કરાયેલ પોસ્ટકાર્ડ લેખનમાં પણ નાગરિકો સ્વેચ્છાએ જોડાઈને લોકમત પ્રસારને વધુ પ્રબળ બનાવી રહ્યા છે. વિવિધ વિભાગોમાં કરાયેલી રજુઆતો સંદર્ભે સમયસર હકારાત્મક પ્રતિસાદ સરકાર પાસેથી નહિ સાંપડે તો આગામી દિવસોમાં શેરી નાટકો, ચોકઠા પરિષદો, લોક દરબાર અને ધરણાના કાર્યક્રમો અપાશે તેમ છતાં જો કોઈ નકકર પરિણામ નહિ આવે તો અભિયાનના સભ્ય નીતિન પટેલ દ્વારા આમરણાંત ઉપવાસ શરુ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. એમ અભિયાનના અગ્રણીઓ જીજ્ઞેશ જોષી, અરૂણ બુચ, જૈનુલ પટેલ દ્વારા જણાવાયું છે.

# શહેરમાં પાણી-ગટર વેરાની ૧ કરોડની વસુલાત

**બે મહીનાની ઝુંબેશના અંતે માત્ર ૫૦ ટકા કામગીરી, બાકીદારોને નોટીસ આપવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧

શહેરમાં પાણી-ગટર વેરાની બે મહીનાની વસુલાત ઝુંબેશના અંતે તંત્ર દ્વારા રૂ. ૧ કરોડની વસુલાત કરવામાં આવી છે. શહેર તેમજ શહેરી વિસ્તારના ગામોમાંથી પાણી ગટર વેરાના રૂ. ૨.૪૦ કરોડના બાકી માંગણા સામે વસુલાત ઝુંબેશના અંતે ૫૦ ટકા કામગીરી થઈ શકી છે.

ગાંધીનગર તેમજ શહેરી વિસ્તારના ગામોમાં થઈ પાણી-ગટરના અંદાજિત ૨૬ હજારથી વધુ જોડાણ આપવામાં આવ્યા છે. જ્યારે પાણી-ગટર વેરાની વસુલાત અન્વયે તંત્ર દ્વારા પ્રતિવર્ષ ફેબ્રુઆરી-માર્ચ મહીનામાં ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. વર્ષ-૨૦૧૫-૧૬ના વેરાની વસુલાત માટે પણ તંત્ર દ્વારા બીલની વહેંચણી કરી ગત ફેબ્રુઆરી મહીનામાં જ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી હતી. બે મહીનાની ઝુંબેશના અંતે તંત્ર દ્વારા રૂ. ૨.૪૦ કરોડના બાકી માંગણા સામે રૂ. ૧ કરોડની વસુલાત કરવામાં આવી છે. ૩૧ માર્ચ પૂર્વે વેરાની રકમ ભરપાઈ કરનારાઓને તંત્ર દ્વારા ખાસ રાહત આપવામાં આવી હતી, શહેરના નવા ૧ થી ૧૩ સેકટરોમાંથી બે મહીનામાં તંત્ર દ્વારા રૂ. ૧૦૬.૩૩ કરોડના બાકી માંગણા સામે રૂ. ૫૯.૧૯ લાખની વસુલાત કરવામાં આવી છે. જ્યારે સે. ૧૪ થી ૩૦માં બોરીજ, પાલજ, બાસણ અને આદીવાડા ગામો સહીતના વિસ્તારમાંથી રૂ. ૧.૩૭ કરોડના માંગણા સામે રૂ. ૪૩ લાખની વસુલાત કરવામાં આવી છે. આમ પાણી-ગટર વેરાની વસુલાત અન્વયે અત્યાર સુધી માત્ર ૬૦ ટકાની કામગીરી જ થઈ છે. અન્ય બાકીદારો પાસેથી વેરો વસુલવા ટુંકમાં નોટીસ આપી કાર્યવાહી હાથ ધરાશે.

# સે-૨૮ બાલોદ્યાનની મીની ટ્રેઈનનું એન્જિન ખોટવાયું

**દાયકાઓ જૂનું એન્જિન વારંવાર બંધ પડી જાય છે**

ગાંધીનગર, તા.૧

સે-૨૮ બાલોદ્યાનમાં ભૂલકાંઓની મીની ટ્રેઈન હાલ બંધ હાલતમાં છે. દાયકાઓ જૂની ટ્રેઈનનું એન્જિન ફેઈલ થઈ ગયું છે. એન્જિનમાં ઓઈલ અને ડીઝલ ભળી જતા ટ્રેઈન ખોટવાઈ પડી છે. આમ તો ટ્રેઈનને ગ્રીન સિગ્નલ આપવા નવું એન્જિન અનિવાર્ય હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. પરંતુ હાલના તબક્કે મીની ટ્રેઈનને ટ્રેક પર દોડતી કરવા તંત્ર દ્વારા પ્રયાસ હાથ ધરાયા છે.

વેકેશનનો સમયગાળો શરૂ થઈ ગયો છે. સહેલાણીઓમાં અદમ્ય આકર્ષણનું કેન્દ્ર ગણાતા બાલોદ્યાનમાં ગરમીની રજાઓ દરમિયાન જ મીની ટ્રેઈનના પૈડા થંભી ગયા છે. ૫ વર્ષ અગાઉ પણ બાલોદ્યાનમાં મીની ટ્રેઈનને દોડતી કરવા પ્લેટફોર્મના રીનોવેશન ઉપરાંત ટ્રેઈનના ડબ્બા સહિત એન્જિનની કામગીરી પાછળ લાખોનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જેના અંતે બાલોદ્યાનની રોનક પાછી નિખરી હતી. બાલોદ્યાનમાં મીની ટ્રેઈનનું એન્જિન પણ વર્ષો જુનું છે. હાલ આ એન્જિનમાં ડીઝલ અને ઓઈલ મિશ્ર થતા ટેકનિકલ ખામી સર્જાઈ છે. જેના લીધે લાંબા સમયથી આ ટ્રેન બંધ હાલતમાં છે. ટ્રેનને ટ્રેક પર દોડતી રાખવા એન્જિનનું નવીનીકરણ અનિવાર્ય હોવાનો સૂર પણ ઉઠવા પામ્યો છે. બીજી તરફ તંત્ર દ્વારા એન્જિનના જરુરી રીપેરીંગ માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. વેકેશન દરમિયાન ભૂલકાઓમાં આકર્ષણનું કેન્દ્ર સ્થાન બનતી છુકછુક ગાડીને ત્વરિત ટ્રેક પર દોડાવવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ચકલીનો માળો - સમાજ જીવન સાથે ગુંથાયેલા પર્યાવરણ જાળવણીની અનોખી તસવીર એટલે ચકલીનો માળો... ચકલીનો માળો ઘરમાં હોવો એ ગૌરવ મનાતું... પરંતુ આજકાલ ચકલીએ નથી અને માળો ય નથી... આ તો માત્ર ક્યાંક- ક્યાંક નજરે પડતું આપણા પ્રકૃતિના પ્રેમનું પ્રતિક છે.

# સેક્ટરે-સેક્ટરે લોકદરબાર યોજવા સુચના

**સેક્ટરોની સમસ્યાઓ અને વસાહતીઓના પ્રશ્નો સુધી પહોંચવાના આશયથી રેન્જ આઈજીપીએ નિર્ણય લીધો : ચેઈન સ્નેચીંગના બનાવોને પગલે સઘન વાહનચેકીંગનો પણ આદેશ કર્યો**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં કેવા પ્રકારની સમસ્યાઓ અને પ્રશ્નો છે તેના મુળ સુધી પહોંચવા અને તેનો ઉકેલ લાવવાના આશયથી રેન્જ આઈજીપી હસમુખ પટેલે ગાંધીનગર ડીએસપીને સેક્ટરે-સેક્ટરે લોકદરબારનું આયોજન કરવા સુચના આપી છે. તે ઉપરાંત શહેરમાં વધેલી ચેઈન સ્નેચીંગના ગુનાઓને પગલે આજે ડીએસપીને બોલાવીને તે દિશામાં મહેનત કરી ચેઈન સ્નેચરો પકડવા તથા સઘન વાહનચેકીંગ કરવા આદેશ આપ્યો છે.

ગાંધીનગર શહેરના સમાવિષ્ટ વિવિધ સેક્ટરોપૈકી કયા સેક્ટરોમાં કેવા પ્રકારના ગુનાઓ સૌથી વધુ બને છે તે ઉપરાંત પ્રજાને કેવા પ્રકારની સમસ્યાઓ સૌથી વધુ છે તે જાણવા અને શક્ય તેટલી સમસ્યાઓ કે જે પોલીસથી દૂર કરી શકાય તેવી છે તેને પહોંચી વળવા માટે ગાંધીનગર રેન્જ આઈજીપી હસમુખ પટેલે લોક દરબારનું હથિયાર અપનાવ્યું છે. ગાંધીનગર ડીએસપી વિરેન્દ્રસિંગ યાદવને રેન્જ આઈજીપીએ સુચના આપી દીધી છે કે ગાંધીનગર શહેરના તમામ સેક્ટરોમાં લોકદરબારનું આયોજન કરી પ્રજાના પ્રશ્નો સુધી પહોંચો અને તેનું નિરાકરણ લાવો. તે ઉપરાંત ગાંધીનગરમાં વધેલા ચેઈન સ્નેચીંગના બનાવોને ગંભીરતાથી લઈ આઈજીપીએ જિલ્લા પોલીસ વડાને આઈજીપી કચેરી ખાતે બોલાવી સઘન વાહન ચેકીંગ કરવા તથા ચેઈન સ્નેચરોને પકડવા ખાસ પ્લાન આઉટ કરવા તાકીદ કરી હતી.

# ધો-૧૧ જીવ વિજ્ઞાનમાં આકૃતિના આઠ પ્રશ્નો પુછાયા : પેપર સરળ

**કેમેસ્ટ્રી બાદ બાયોલોજીનું પેપર પણ સરળ નીકળતા વિદ્યાર્થીઓને હાંશકારો**

ગાંધીનગર, તા.૧

ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષામાં આજે જીવ વિજ્ઞાનનું પેપર સરળ નીકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. એ વિભાગના પ્રશ્નો પણ પાઠયપુસ્તક આધારિત હતા જયારે બી વિભાગમાં આકૃતિના આઠ સવાલો પણ વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયા હતા.

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૨ની પરીક્ષાઓ લેવાઈ રહી છે. જેમાં આજે જીવ વિજ્ઞાનનું પેપર સરળ અને પાઠયપુસ્તકનું હોવાથી વિદ્યાર્થીઓ ખુશહાલ મુડમાં જોવા મળ્યા હતા. કેમેસ્ટ્રીના સરળ પેપર બાદ બાયોલોજીનું પેપર પણ ઈઝી પુરવાર થતા પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. આ અંગે વિષય નિષ્ણાંત ડૉ. અજયરાજસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે બાયોલોજીનું પ્રશ્નપત્ર પાઠયપુસ્તક આધારિત હતું. સ્કોરીંગ વિષયનું પેપર સરળ નીકળવાથી વિદ્યાર્થીઓ સ્કોર કરી શકશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતુ કે વિભાગ એમાં એમ.સી.કયુ. પણ એકદમ સરળ પૂછવામાં આવ્યા હતા જયારે પાર્ટ બીમાં આકૃતિના આઠ સવાલો પુછાતા વિદ્યાર્થીઓનો થોડો સમય બગડયો હતો પરંતુ પ્રશ્નપત્રના મોટાભાગના પ્રશ્નો સરળ હોવાના લીધે વિદ્યાર્થીઓએ હળવામૂડમાં પરીક્ષા આપી હતી.

# ગુડા વિસ્તારમાં નવીનકામો હાથ ધરવા આગેવાનો સાથે બેઠક યોજાઈ

**જિલ્લા-તાલુકાના આગેવાનોએ કામગીરીની સમીક્ષા કરી જરુરી સૂચનો પણ કર્યા**

ગાંધીનગર, તા.૧

ગુડા વિસ્તારમાં વિકાસ કામોની



સમીક્ષા કરવા તેમજ આગામી દિવસોમાં જરુરી કામો હાથ ધરવા સંદર્ભે જરુરી સૂચનો મેળવવા જિલ્લા તાલુકાના આગેવાનોની એક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક દરમિયાન ભાજપના આગેવાનોએ જરુરી સૂચનો પણ કર્યા હતા.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ ૩૯ ગામોમાં થયેલા વિકાસ કામોની સમીક્ષા તથા આગામી સમયમાં કરવાના થતા કામો બાબતે સૂચનો મેળવવા માટે ગુડા વિસ્તારના સરપંચો, તાલુકા પંચાયતના સદસ્યો, જિલ્લા પ્રમુખની સાથે ગુડાના ચેરમેને આજે બેઠક યોજી હતી.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના અધ્યક્ષ આશિષભાઈ દવે દ્વારા સત્તામંડળ વિસ્તારના

● અનુસંધાન પાન-૭ પર

॥ શ્રી ગણેશાય નમઃ ॥

શુભારંભ તા. ૨/૪/૨૦૧૫ને ગુરૂવારથી

જય અન્નપૂર્ણા ફૂડ સપ્લાયર્સ

ચાર દિવસ સુધી સ્વીટ ફ્રી આપવામાં આવશે.

દરરોજ સ્વાદિષ્ટ લંચ તથા ડીનર આપના ઘર, ઓફીસ, દુકાન, હોસ્ટેલ, હોસ્પિટલ માટે મેળવવા સંપર્ક કરો.

: ઓર્ડર નોંધાવવાનો સમય :

લંચ - સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ ડીનર - સાંજે ૫-૦૦ થી ૬-૩૦

દરેક બર્થ ડે પાર્ટી, કિટ્ટી પાર્ટી, રીંગ સેરેમની, મેરેજ, રીસેપ્શન માટે ગુજરાતી, પંજાબી, ચાઈનીઝ, સાઉથ ઈન્ડીયન, ફાસ્ટફુડ તથા દિલ્હી ચાટની ફુલ ડીશના કોન્ટ્રાક્ટ માટે સંપર્ક કરો

સંપર્ક : ચિન્ટુ કુન્દનલાલ પટેલ :

પ્લોટ-૩૦૬/એ/૨, મંગલમૂર્તિ પાર્ક, સેક્ટર-૮, ગાંધીનગર

મો. ૯૯૨૫૪૬૬૪૯૦, ૯૮૨૫૭૧૯૯૮૬, ૮૭૩૪૯૭૧૯૩૩

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ



શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ

- ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
- અદ્યતન કીચન તથા વોશ એરીયા
- બાળકો માટે પ્લે એરીયા
- વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
- ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
- અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે

બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...

વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩

વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

નાયબ મામલતદાર/ Dy.S.O. 733 જગ્યાઓ

100% ગેરંટીથી નોકરી મેળવો

પ્રિલિમ / મુખ્ય પરીક્ષામાં નાપાસ થવાથી ફી 100% પરતની લેખિત ખાતરી સાથે

TCCI શરૂ કરે છે (નાયબ/મામલતદાર Dy.S.O.)

બ્રિલિયન્ટ બેચ-2015

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
| --- | --- | --- |
| 2.4.2015 ગુરૂવાર | બપોરના 3 થી 6 | સોમ થી શનિ |

ફી માત્ર ₹ 99,000/- 100% રીફન્ડેબલ

। પરીક્ષા સુધીનો કોર્ષ । નિયમિત ટોપિક્સના અંતે ટેસ્ટ । 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ

ઈકોનોમિક બેચ-2015

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
| --- | --- | --- |
| 02.04.2015 ગુરૂવાર | સવારના 7-00 થી 9-00 | સોમ થી શુક્ર |
| 10.04.2015 ગુરૂવાર | સાંજના 6-30 થી 8-30 | સોમ થી શુક્ર |
| 28.03.2015 શનિવાર | બપોરના 3-00 થી 7-00 | શનિ / રવિ |

ફી માત્ર ₹ 24,000/-

તલાટી

ગુજરાત સરકારમાં નોકરી મેળવો

ધોરણ-12 પાસ 2440+ જગ્યાઓ

✓ પરીક્ષા સુધીનો કોર્ષ
✓ નિયમિત ટોપિક્સના અંતે ટેસ્ટ
✓ 25000+ વધુ પ્રશ્નોનું સોલ્યુશન
✓ 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ

સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE

(તલાટી) બ્રિલિયન્ટ બેચ-2015

નાપાસ થવાથી ફી 100% પરત | ફી ₹ 99,000/- 100% રીફન્ડેબલ

બેચ શરૂ તા. : 02-4-2015

ઈકોનોમિક બેચ શરૂ થવાની વિગત

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
| --- | --- | --- |
| 02.04.2015 | સવારના 10 થી 12 | સોમ થી શુક્ર |
| 16.04.2015 | બપોરના 3-15 થી 5-15 | સોમ થી શુક્ર |
| 11.04.2015 | બપોરના 3-15 થી 6-15 | શનિ / રવિ |

ફી માત્ર ₹ 18,000/-

26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા

TCCI EDUCATION PVT. LTD.

MUKESH PATEL : 90990 76788 રૂબરૂ મળવાનો સમય : સવારના 10-30 થી 5

328/2, પ્રથમ માળ, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, ઘ-2 થી ચ-2ની વચ્ચે, સેક્ટર-7/A, ગાંધીનગર. M. : 9537614606 / 7

TET/TAT બેચ શરૂ થવાની તા.: 5-4-2015 ભણવાનો સમય : બપોરના 3 થી 7 ભણવાના દિવસ : શનિ / રવિ ફી માત્ર ₹ 18,000/- પરીક્ષા સુધીનો કોર્ષ

SANGHI CEMENT · Kisan · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com